સંક્ષિપ્ત સમાચાર

માંડવી તાલુકામાં સગીર લાપતા

માંડવી: માંડવીના ગામતળાવ બુજરંગ નહેર પાસે રહેતા મજૂર સુરેશભાઈ ઉત્તમભાઈ ચૌધરીનો 16 વર્ષનો પુત્ર દિવાન તા.25/2/2026ના રોજ સવારે કાકરાપાર જમણાકાંઠા નહેરમાં નાહવા જવાની વાત કરી પડાવ પરથી નીકળ્યો હતો. પરંતુ પરત ફર્યો નથી. પરિવારજનો અને સ્થાનિક લોકોએ શોધખોળ કરતાં નહેરના કિનારે તેનાં કપડાં અને બૂટ મળી આવ્યાં હતાં. છેલ્લા ત્રણ મહિનાથી પરિવાર સાથે શેરડી કાપવાની મજૂરીકામ માટે અહીં રહેતો હતો. ઘટનાને લઈ પિતાએ અજાણ્યા દ્વારા અપહરણની શંકા વ્યક્ત કરી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

તિલકવાડામાં દારૂ સાથે બે ઝડપાયા

રાજપીપળા: તિલકવાડામાં લીમપુરા અને બુજેઠા ગામ વચ્ચે પોલીસે નાકાબંધી કરી રૂ.3,41,244ની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બ્રેઝા ગાડી નં.(જીજે-6-પીએમ-5779)માં દારૂ હેરાફેરી કરી રહેલા વડોદરાના ધવલ પરમાર અને રતન ચૌહાણને પોલીસે દારૂ, મોબાઇલ નંગ-2 કિ. રૂ.15 હજાર, કાર કિ.રૂ.5 લાખ મળી રૂ.8,56,244 લાખના કુલ મુદ્દામાલ સાથે દબોચી લીધા હતા. દારૂનો આ જથ્થો છોટા ઉદેપુરના મોરાંગણા ગામના ગોવિંદ રાઠવા પાસેથી લાવવામાં આવ્યો હોવાનું તપાસમાં ખૂલ્યું છે.

ઓલપાડમાં ટ્રક પાછળ ભટકાતાં રિક્ષાચાલકનું મોત

સાયણ: ઓલપાડ-સુરત રોડ પર જી.ઈ.બી. સામે ઊભેલી ટ્રક નં.(GJ-21-W-4872) પાછળ રિક્ષા નં.(જીજે-૫-સીઝેડ-૫૪૩૬) અથડાતાં પાલનપુર જકાતનાકાના વિવેકાનંદ ટાઉનશીપ ઘર નં.૧૭૧માં રહેતા રિક્ષાચાલક અરવિંદભાઈ હીરાને ગંભીર ઈજા પહોંચી હતી. જેમને સિવિલ હોસ્પિટલ ખસેડાતાં તબીબે મૃત જાહેર કર્યા હતા.

હલધરૂમાં યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

કામરેજ: મૂળ ઉત્તરપ્રદેશના બીચોલી અને હલધરૂની શિવ રેસિડન્સીમાં રહેતા ૨૨ વર્ષીય મોનેન્દ્રપ્રતાપ ચૌધરીએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા પિતા અજયભાઈએ ગુરુવારે રાત્રે પુત્ર નશો કરી ઘરે આવતાં તેને ઠપકો આપ્યો હતો. જેનું મનદુ:ખ રાખી શુક્રવારે સવારે મોનેન્દ્રપ્રતાપે પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી.

અંકલેશ્વરથી ગુમ કિશોરનો મૃતદેહ મળ્યો

અંકલેશ્વર: સારંગપુર ગામના શાંતિનગરમાં રહેતો શિવમ કુશવાહા બે-ત્રણ દિવસ પહેલાં અચાનક ગુમ થયો હતો. પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન તેની બાઈક અને મોબાઇલ ફોન ઝાડેશ્વર નજીક નર્મદા નદીના કિનારા પાસે મળી આવ્યાં હતાં, પરંતુ શિવમનો કોઈ પત્તો લાગ્યો નહોતો. શોધખોળ ચાલુ હોય, એ દરમિયાન ઝઘડિયા તાલુકાના મઢી ઘાટ નજીક નર્મદા કિનારેથી કિશોરનો મૃતદેહ વિકૃત હાલતમાં મળી આવ્યો હતો.

આમોદમાં ગાય મૃત હાલતમાં મળી આવી

આમોદ: આછોદ ત્રણ રસ્તા એક ગાય મૃત હાલતમાં મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં કચરાના ઢગલામાંથી પ્લાસ્ટિક અને ઝેરી પદાર્થો ખાવાથી ગાયનું મોત થયું હોવાનું અનુમાન છે.

અમલસાડીમાં યુવાને ફાંસો ખાધો

માંડવી: માંડવીના અમલસાડી ગામના ડેરી ફળિયામાં રહેતા ૪૦ વર્ષીય કમલેશભાઈ ઈશ્વરભાઈ પટેલે પોતાના નિવાસ સ્થાને પતરાની છતના લાકડા સાથે દોરડું બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

દીપલ સોની

પાસપોર્ટ અને પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી!

બારડોલી, રાજપીપળા અને ભરૂચ જિલ્લામાં તપાસ, કંઈ ન મળ્યું

બારડોલી, રાજપીપળા, ભરૂચ: ગુજરાતનાં અલગ અલગ શહેરોમાં આવેલી પાસપોર્ટ કચેરી અને પોસ્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ ધમકીના પગલે વહીવટી તંત્ર અને પોલીસ કાફલો તાત્કાલિક હરકતમાં આવ્યો હતો અને સાવચેતીના ભાગરૂપે બંને મહત્ત્વની કચેરીઓને ખાલી કરાવવામાં આવી હતી.

સુરત સ્થિત મુખ્ય પાસપોર્ટ ઓફિસને એક ઈ-મેલ પ્રાપ્ત થયો હતો, જેમાં રાજ્યની અલગ-અલગ પાસપોર્ટ કચેરીઓને નિશાન બનાવવાની ધમકી આપવામાં આવી હતી. આ સૂચના બારડોલી કચેરીને મળતા જ ઉચ્ચ અધિકારીઓના આદેશ મુજબ તાત્કાલિક કામગીરી અટકાવી દેવામાં આવી હતી. ઓફિસમાં હાજર સ્ટાફ અને પોતાના કામ અર્થે આવેલા અનેક અરજદારોને સુરક્ષિત રીતે બહાર કાઢી કચેરીને તાળાબંધી કરી દેવાઈ હતી. પાસપોર્ટ ઓફિસની બાજુમાં જ પોસ્ટ ઓફિસ આવેલી હોવાથી ત્યાં પણ ગ્રાહકો અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો હતો અને લોકો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા. દોડી આવેલી પોલીસે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જો કે, કોઈ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક મળી આવ્યા ન હતા, જેનાથી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

રાજપીપળા પોસ્ટ ઓફિસને પણ ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હતો. જો કે, પોસ્ટ ઓફિસ, પાસપોર્ટ ઓફિસ, તમામ રૂમો અને અગાસી ઉપર તપાસ કરતાં પોલીસને કોઈ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.

પાસપોર્ટ કચેરીને RDXથી ઉડાવી દેવાની ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં ભરૂચ શહેરની પાસપોર્ટ કચેરીમાં તપાસ થઈ હતી. આથી તાત્કાલિક સુરક્ષાના પગલાંરૂપે કચેરી ખાલી કરાવી તમામ કર્મચારીઓ અને હાજર અરજદારોને બહાર કઢાયા હતા. ઘટનાની જાણ થતાં જ બી-ડિવિઝન પોલીસ, SOG અને અન્ય પોલીસ અધિકારીઓ તથા સ્ટાફ સ્થળ પર પહોંચી ગયો હતો. ત્યારબાદ બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમે કચેરી તેમજ આસપાસના વિસ્તારમાં જઈને ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. પરંતુ કંઈ હાથ લાગ્યું ન હતું.

બોરખડી-કરંજવેલ જિ.પં. સીટ વર્ષોથી સ્ત્રી અનામત રહેતાં વિરોધ

પંચાયત ધારા મુજબ દર પાંચ વર્ષે રોટેશન પોલિસીનો વર્ષોથી અમલ ન કરાતાં આગેવાને વાંધો ઉઠાવ્યો

વ્યારા: રાજ્યમાં આગામી મહિનાઓમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં ભણકારા વાગી રહ્યા છે અને ધીમે ધીમે રાજકીય માહોલ ગરમાય રહ્યો છે.

તાલુકા જિલ્લા પંચાયતની સીટ પર ખાસ કરીને બેઠક ફાળવણીને લઈને અનેક જગ્યાએ વિરોધ પણ ઊઠી રહ્યો છે. ત્યારે તાપી જિલ્લામાં બોરખડી અને કરંજવેલ જિલ્લા પંચાયત બેઠક છેલ્લાં 20-30 વર્ષથી સ્ત્રી ઉમેદવાર માટે અનામત રાખવામાં આવતાં ચર્ચાનું કેન્દ્ર બની છે. બંને બેઠક સ્ત્રી માટે વર્ષોથી અનામત રાખવામાં આવી હોય પંચાયત ધારા મુજબ તંત્ર દ્વારા રોટેશન પોલિસીનો વર્ષોથી આજદિન સુધી અમલ ન કરાતાં હાલમાં પણ બોરખડી અને કરંજવેલ બેઠક પર સ્ત્રી માટે અનામત રાખવામાં આવી હોય વ્યારાના પનીયારી ગામના રહીશ ગમનભાઈ ભીમજીભાઈ ગામીત અને અન્ય આગેવાનોએ સખત વાંધો ઉઠાવ્યો છે.

જિલ્લામાં અન્ય તાલુકા પંચાયત બેઠકો પર ફેરફાર કરવામાં આવ્યો છે ત્યારે બોરખડી અને કરંજવેલ બેઠક પર જ રોટેશન મુજબ ફેરફાર કેમ નથી કરાયો તેને લઈને ચૂંટણી આયોગ સામે પણ સવાલો ઊભા થયા છે. ત્યારે બોરખડી બેઠક પર સ્ત્રી-પુરુષ ઉમેદવાર માટે રોટેશન મુજબ ફેરફાર કરવામાં નહીં આવે તો કાયદેસર રીતે કોર્ટ મારફતે લડવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ તારીખ 11-11-2025 ના રોજ તાપી જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીને આ બાબતે રજૂઆત કરવામાં આવી હતી તેમ છતાં હજુ પણ બોરખડી બેઠક સ્ત્રી ઉમેદવાર માટે અનામત રાખવામાં આવતાં બેઠકનાં આગેવાનોમાં ભારે વિરોધ ઊઠ્યો છે.

ત્યારે પનીયારી ગામનાં રહીશ સહિત અન્ય આગેવાનોએ આ બાબતે ફરી તંત્ર અને વિપક્ષના નેતા ડો.તુષાર ચૌધરીને રજૂઆત કરતાં ડો.તુષાર ચૌધરીએ રાજ્ય ચૂંટણી આયોગને આ બાબતે નિયમો મુજબ જરૂરી ફેરફાર કરવા માટે લેખિતમાં રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે.

ત્યારે વ્યારાની બોરખડી સહિત કરંજવેલ જિલ્લા પંચાયત બેઠક કે જે વર્ષોથી સ્ત્રી ઉમેદવાર માટે અનામત રાખવામાં આવી છે તેમાં ફેરફાર કરવામાં આવે છે કે નહીં તે જોવું રહ્યું!

પલસાણામાં લોનના નામે મહિલા સાથે 7.70 લાખની છેતરપિંડી

સોશિયલ મીડિયાની જાહેરખબરે જિંદગીની મૂડી સાફ કરી

ઠગોએ 20 લાખની લોન અપાવવાના બહાને રૂપિયા ખંખેરી લીધા

પલસાણા: પલસાણા તાલુકામાં સાયબર ગઠિયાઓએ એક મહિલાને સસ્તા દરે લોન આપવાની લાલચ આપી લાખો રૂપિયા પડાવી લીધા હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જોળવા ગામની ગાર્ડન વેલી સોસાયટીમાં રહેતા અને કપડાંનો વ્યવહાર કરતા આશાબેન ધનરાજ બોરસે નામના મહિલા સાથે અજાણ્યા શખ્સોએ કુલ 7,70,999ની છેતરપિંડી કરી છે.

ફરિયાદ મુજબ, ગત 3 ફેબ્રુઆરીના રોજ મહિલાએ ફેસબુક પ્રોફાઇલ પર લોનની એક જાહેરાત જોઈ હતી. તેના પર ક્લિક કરતા જ સાયબર ઠગોએ વોટ્સએપ દ્વારા સંપર્ક કરી 20 લાખની લોન અપાવવાનો વિશ્વાસ આપ્યો હતો. ઠગોએ લોન ફાઇલ ચાર્જ અને અન્ય પ્રોસેસિંગ ફીના બહાને મહિલા પાસેથી ક્યુ-આર કોડ અને યુપીઆઈ દ્વારા ટુકડે-ટુકડે નાણાં મંગાવવાનું શરૂ કર્યું હતું. શાતિર ઠગોએ પીડિત મહિલાને વિશ્વાસમાં લેવા માટે +91, +1, +92 અને +44 જેવા અલગ-અલગ દેશના આશરે 9 જેટલા નંબરો પરથી કોલ કર્યા હતા. મહિલાએ પોતાના કેનેરા બેંક અને ફેડરલ બેંકના ખાતામાંથી તેમજ બગુમરા અને ગંગાધરા સ્થિત મની ટ્રાન્સફરની દુકાનો પર જઈને રોકડા નાણાં પણ ઠગોના ખાતામાં જમા કરાવ્યા હતા. જ્યારે મહિલા પાસે વધુ નાણાંની માંગણી કરવામાં આવી, ત્યારે તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. તેમણે તુરંત સાયબર હેલ્પલાઇન 1930 પર ફરિયાદ નોંધાવી હતી અને ત્યારબાદ પલસાણા પોલીસ મથકે વિધિવત ફરિયાદ દાખલ કરી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર ભગવાન દેવદાન જીલેરિયા ચલાવી રહ્યા છે.

બારડોલી એજ્યુ. સોસાયટીમાં વહીવટી ગતિરોધ અંતે દૂર

ચૂંટણી ન થાય ત્યાં સુધી જૂની કમિટી જ વહીવટ સંભાળશે, વચગાળાના મનાઈ હુકમો રદ

બારડોલી: બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલના વહીવટ અને આગામી ચૂંટણી પ્રક્રિયાને લઈને સુરત ચેરિટી કમિશનર કચેરી દ્વારા એક અત્યંત મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરવામાં આવી છે. આદેશ અનુસાર અગાઉ આપવામાં આવેલા વચગાળાના મનાઈ હુકમો રદ કરી દેવામાં આવ્યા છે, જેનાથી સોસાયટીના વહીવટમાં સર્જાયેલી અનિશ્ચિતતાનો અંત આવ્યો છે.

સંયુક્ત ચેરિટી કમિશનર, સુરત દ્વારા કરવામાં આવેલા હુકમ મુજબ ગત તા.11/12/2025 ના રોજ જે વચગાળાની સૂચના આપતા હુકમો કરવામાં આવ્યા હતા, તેને હવે સંપૂર્ણપણે ઉઠાવી લેવામાં આવ્યા છે. આ નિર્ણય બાદ ટ્રસ્ટના બંધારણની જોગવાઈઓ મુજબ વહીવટી સ્થિતિ સ્પષ્ટ થઈ છે. ટ્રસ્ટના બંધારણની કલમ 15 અને પેટા કલમ 3 મુજબ, મેનેજિંગ કમિટીની મુદત ત્રણ વર્ષની હોય છે. જો કે, બંધારણીય જોગવાઈ એવી પણ છે કે જ્યાં સુધી નવી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય અને નવા ચુંટાયેલા સભ્યો વિધિવત રીતે ચાર્જ ન સંભાળે, ત્યાં સુધી જૂની મેનેજિંગ કમિટી જ અમલમાં ગણાશે અને સંસ્થાનો કાર્યભાર સંભાળશે. આ સ્પષ્ટતા બાદ હવે વર્ષ-2022થી 2025 સુધીની જે કમિટી અસ્તિત્વમાં હતી, તે જ કમિટી ચૂંટણી કમિશનરોને જરૂરી સાહિત્ય, વહીવટી દસ્તાવેજો અને મતદાર યાદી પૂરી પાડશે. નવનિયુક્ત ચૂંટણી કમિશનરો પરિમલભાઈ પટેલ અને બાબુભાઈ પટેલ આ જૂની કમિટી સાથે પરામર્શ કરીને નિષ્પક્ષ ચૂંટણી માટેની કચેરી અને વ્યવસ્થા નક્કી કરશે. આ પ્રક્રિયાથી હવે સંસ્થામાં નવી કમિટીની વરણી સુધી વહીવટી ગતિરોધ દૂર થયો છે અને લોકશાહી ઢબે ચૂંટણી યોજવાનો માર્ગ મોકળો બન્યો છે.

ઘલામાં ઊભેલા ટેન્કરની પાછળ ટ્રક અથડાતાં ચાલકનું મોત

વિશાલ પટેલ

કામરેજ: રાજસ્થાનના બિશનખેડીમાં ઉમેદસિંહ છતરસિંહ રાજપૂત (ઉં.વ.28) ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા. દવા ભરી મુંબઈ જતાં ટ્રક નં.(એમએચ 01 ડીઆર 8520) લઈ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે નં.4 પર જઈ રહ્યા હતા. ત્યારે કામરેજના ઘલાની હદમાં ગુરુવારે સવારે આશરે 8 કલાકે રોડ પર બંધ પડેલા ટેન્કર નં.(જીજે 12 બીઝેડ 8905)ના પાછળના ભાગે અથડાવી દેતાં ગંભીર ઈજા થતાં સારવાર માટે 108માં નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના ડોક્ટરે ડ્રાઈવરને મૃત જાહેર કર્યો હતો.

સોનગઢમાં VSG ગેસ્ટ હાઉસમાં પોલીસનો દરોડો



પિસ્તોલ અને કારતુસ સાથે સુરતના બે શખ્સ ઝડપાયા

સોનગઢ: સોનગઢ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન હાઈવે પર આવેલી VSG ગેસ્ટ હાઉસમાંથી ગેરકાયદે હથિયાર સાથે સુરતના બે શખ્સની ધરપકડ કરી છે. 27 ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે પોલીસને નંબર પ્લેટ વગરની શંકાસ્પદ બ્રેઝા ગાડી મળી આવતાં તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન ગાડીની સીટ નીચેથી એક દેશી બનાવટની પિસ્ટલ અને 4 જીવંત કારતુસ મળી આવ્યા હતા. પોલીસે સુરતના નાના વરાછાના દિવાળીબા નગરના ભૂપતભાઈ સાટીયા અને ગોડાદરાના મિલનભાઈ સરવૈયાની અટકાયત કરી કાર કિં.5 લાખ, દેશી પિસ્તોલ કિં. 20 હજાર, જીવતા કારતૂસ 4, ત્રણ મોબાઈલ કિં.20 હજાર મળી કુલ 5.40 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પૂછપરછમાં આ હથિયાર સુરતના મોટા વરાછાના લાલાભાઈ ભરવાડ પાસેથી લાવ્યા હોવાનું ખૂલતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. આરોપીઓ વિરુદ્ધ આર્મ્સ એક્ટ અને BNS હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ફેક ઇન્સ્ટાગ્રામ IDથી યુવતીને બદનામ કરવાનું કાવતરું

વાલોડ પોલીસ એક્શનમાં: સાયબર ક્રાઈમ આચરનાર સંજુ ગામીત વિરુદ્ધ ગુનો દાખલ

વાલોડ: વાલોડ ખાતે રહેતી યુવતીના ફોટાનો ઉપયોગ કરી એક શખ્સે ઈન્સ્ટાગ્રામ ઉપર ખોટી આઈડી બનાવી યુવતીના ફોટા એડિટ કરી ગંદી પોસ્ટ સાથે ફોન નંબર લખી કોન્ટેક્ટ કરવા લોકોને જણાવતો હોય, જેથી આ યુવતી ઉપર અજાણ્યા વ્યક્તિઓના કોલ આવતા હોવાથી તે આખરે હેરાન થતાં તેણે વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વાલોડ ખાતે રહેતી અને કપડાંની દુકાન ચલાવતી યુવતી ઈન્સ્ટાગ્રામ એપ્લિકેશનનો ઉપયોગ કરતી હોય, પરંતુ કોઈ અજાણ્યા વ્યક્તિએ sanju^0234 નામની આઈડી બનાવી હતી. જેના ઉપર આ યુવતીના ફોટા મૂકતો હોય, એટલું જ નહીં યુવતીના ફોટા એડિટ કરી ગંદી ગંદી પોસ્ટ સાથે યુવતીનો કોન્ટેક્ટ નંબર પણ લખી કોલ કરવા જણાવતો હતો. જે અંગેની જાણ યુવતીની બહેનને થતાં તેમણે તેના કાકા અને પિતાને જાણ કરી આ પોસ્ટ ડિલીટ કરવાનો પણ પ્રયત્ન કર્યો, પરંતુ તે શક્ય બન્યું ન હતું. ત્યારબાદ પણ આ શખ્સે પોતાની હરકત ચાલુ રાખી હતી. જેથી યુવતીના મોબાઈલ ઉપર અજાણ્યા નંબર પરથી કોલ આવવાનું ચાલુ જ રહ્યું હતું. જેથી તે હેરાન થઈ ગઈ હતી. જેથી તેણે આખરે વાલોડ પોલીસ સ્ટેશનમાં sanju^0234 નામની આઈડી ધરાવનાર સંજુ ગામીત નામના શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નાલોઠા ખાતે આદર્શ નિવાસી શાળાના બાંધકામનું ખાતમુહૂર્ત થશે

વાલોડ: રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વાલોડના નાલોઠા ખાતે તા.1 માર્ચે સવારે 10 કલાકે વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણની આધુનિક અને સુવિધાજનક સુવિધાઓ મળી રહે તે હેતુથી રૂ.51.35 કરોડના ખર્ચે નિર્માણ થનાર 'આદર્શ નિવાસી શાળા' (મિશ્ર)ના બાંધકામનું ખાતમુહૂર્ત કરશે. આ કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ અને રાજ્યમંત્રી ડો.જયરામભાઈ ગામીતની પણ પ્રેરક ઉપસ્થિતિ રહેશે. આ ઉપરાંત, સાંસદ પરભુભાઈ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ જાલમસિંહ વસાવા, ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયા, મોહનભાઈ કોંકણી, સહિત અગ્રણીઓ હાજર રહેશે.

માંડવીના કાકરાપાર અણુમથકે રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રીલ યોજાઈ

દિનેશ પટેલ

માંડવી: માંડવી: માંડવીના કાકરાપાર ન્યુક્લિયર પાવર પ્લાન્ટમાં ભૂકંપ બાદ રેડિયેશન લિકેજની કાલ્પનિક કટોકટીને પહોંચી વળવા NDMA અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત 'મોકડ્રીલ' યોજાઈ હતી. સવારે ૭ કલાકે લિકેજની જાણ થતા સુરત કલેક્ટર ડો. સૌરભ પારધીએ ઓફસાઈટ ઈમરજન્સી જાહેર કરી હતી. સુરત-તાપી જિલ્લાના સંવેદનશીલ ગામોમાં ત્વરિત બચાવ કામગીરી હાથ ધરી ગ્રામજનોને આયોડિન ટેબલેટનું વિતરણ કરાયું હતું. વધુ અસરગ્રસ્તોને સોનગઢ રાહત કેમ્પમાં ખસેડાયા હતા. આ કવાયતમાં NDMAના મેજર જનરલ એ.કે.વર્મા, સભ્ય ડો. દિનેશકુમાર અસવાલ અને સાઈટ ડાયરેક્ટર સહિત પોલીસ, આરોગ્ય અને NDRF-SDRFની ટીમો જોડાઈ હતી. બપોરે ૧૨ વાગ્યે સ્થિતિ નિયંત્રણમાં આવતા ડ્રીલ પૂર્ણ જાહેર કરાઈ હતી. અંતે અધિકારીઓએ સમીક્ષા બેઠક યોજી પરમાણુ આપત્તિ સામે તંત્રની સજ્જતા ચકાસી રચનાત્મક સૂચનો કર્યાં હતાં.

Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
Laagni No melo-Gujarati 05:00pm
O' Romeo - 10:30am
Mardaani 3 - 02:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

ગ્રામ પંચાયત-પરીએજ તા.જી. ભરૂચ ટૂંકી મુદતની જાહેર નિવિદા

સરપંચશ્રી ગ્રામ પંચાયત-પરીએજ, તા.જી. ભરૂચ-392020 દ્વારા સદર કામ માટે ટેન્ડર ઓફલાઈન મંગાવવામાં આવે છે

1	કામનું નામ	પરીએજ ગામે આવેલ હયાત પાણીની ટાંકી/હવાડો જર્જરીત હોય તેને ડીસ્મેન્ટલ કાટમાળ લઈ જવા અને જમીન સમતળ કરવાનું કામ જાહેર ટેન્ડર પ્રક્રિયાથી આપવાનું હોય રસ ધરાવતા ઈસમો/એજન્સીઓ મારફત બંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. ઉક્ત કામ પેટે જે ઈસમ/એજન્સી વધુ નાણાં પંચાયતને ચુકવણી કરશે તેને સદર કામની સોંપણી કરવામાં આવશે.

સ્થળ : પરીખેજ — સરપંચશ્રી
તારીખ : 02-03-2026 — પરીએજ ગ્રામ પંચાયત, તા.જી. ભરૂચ.

જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં

કેસ નં. ૧૯૯/૨૦૨૫

અરજદાર: નામ:- વિક્રમભાઈ ગુલાબસિંગભાઈ તડવી, રહે:- મોલીપાડા તા.કુકરમુંડા જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળા: નામ:-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા રહે:-ગ્રામ પંચાયત, બાલંબા

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, લકી વિક્રમભાઈ તડવીનો જન્મ તા.૧૭/૦૭/૨૦૧૭ ના રોજ મોજે.મોલીપાડા(આમોદા) તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે. પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, બાલંબા ક્યેરી ગ્રામ પંચાયત, બાલંબા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૧૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટની સિક્કો — હુકમથી (કલ્પેશ ડી. પટેલ) એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ કામરેજ (હાલ અબ્રામા)ના મોજે કઠોર ગામની સીમની બ્લોક નંપ૦૦/બ ની રહેઠાણનાં હેતુ માટે એન.એ. થયેલ જમીન પૈકી પ્લોટ નં.એચ/૮૬ જેની પુર્વ-પશ્ચિમ લંબાઈ ૪૫ ફુટ છે તથા ઉત્તર-દક્ષિણ પહોળાઈ ૧૪ ફુટ છે જેનું એકંદરે ક્ષેત્રફળ ૬૩.૦૦ ચો. ફુટ ના અંદાજે ૫૮-૫૩ ચોરસ મીટર તે પાકા બાંધકામવાળી મિલકત અમારા અસીલે અસ્ફાક મહંમદહનીફ કાપડીયા, ફાતેમા તે મહંમદહનીફ કાપડીયાની પત્ની, મોહમદઉસ્માન મહંમદહનીફ કાપડીયા, શબાના મહંમદહનીફ કાપડીયા, આજીમા મહંમદહનીફ કાપડીયા નાઓ પાસેથી રૂા.૩૭,૦૦,૦૦૦/- અંકે રૂપિયા સાડત્રીસ લાખ પુરામાં વેચાણથી રાખેલ છે. સદરહુ અવેજની પુરેપુરી રકમ અમારા અસીલે અસ્ફાક મહંમદહનીફ કાપડીયા નાઓને ચુકવી આપેલ છે અને ફક્ત દસ્તાવેજ કરવાનો બાકી છે. જે કરી આપતા ન હોવાથી અમારા અસીલે પોતાનો કાયદેસરનો હકક, હિત, હિસ્સા માટે મહે. કઠોરનાં પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સી.એમ.એ.એસ.સી./૧૮/૨૦૨૫ થી કેસ દાખલ કરેલ છે જે હાલ પેન્ડીંગ છે. સદરહુ મિલકતમાં અમારા અસીલ ઉમર ફારૂકભાઈ પઠાણ નાએ માતબર રકમનું રોકાણ કરી ઉપરોકત ઈસમો પાસેથી ખરીદ કરેલ છે. સદરહુ મિલકતમાં અમારા અસીલનો માલિકી હકક ચાલી આવેલ છે. જેથી અમારા અસીલની લેખિત સંમતિ વિના કોઈપણ ઈસમે વેચાણ વ્યવહાર યા અન્ય કોઈ કરાર, લખાણો કરવા-કરાવવા નહી અને તેમ છતાં જો આવા કોઈ વ્યવહારો કરવામાં આવશે તો તેની સામે અમારા અસીલ દ્વારા કાયદેસરના પગલા ભરવાની ફરજ પડશે અને જો કોઈ ઈસમ ઉપરોકત મિલકત વેચાણ રાખશે તો તેઓ શુધ્ધ બુધ્ધિપૂર્વકનાં ખરીદનાર ગણાશે નહી તથા તેઓને તકરાર સિવાય કાંઈ મળશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી. સદરહુ જાહેર ચેતવણી કોઈ નિર્દોષ વ્યકિતને ન હક્કના પ્રકારણોમાં સંડોવવુ ન પડે તે હેતુથી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આથી જાહેર જનતાએ ખાસ નોંધ લેવી. સ્થળ : કામરેજ

મારી સુચના મુજબ આ નોટીસ આપવામાં આવી છે.

પિંકેશ પી. ભરૂચા
તે ઉમર ફારૂક પઠાણના એડવોકેટ
Office: Shop No.6